# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૦૮/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 474 તા.

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

22 AUG 2022

પ્રતિ,
જીવાભાઈ આલાભાઈ છુછર
મુ. ધંધુસર,
તા.જામ ખંભાળિયા
જી. :દેવભુમિ દ્વારકા, પીનકોડ. :૩૬૧૩૦૫ મોબાઈલ : ૮૦૦૦૪૫૯૯૯૨

વિષય : અમોનું વીજ કનેક્શન ચાલુ કરવા બાબત.
સંદર્ભ : જીવાભાઈ આલાભાઈ છુછર ની રજુઆત તારીખ: નીલ
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૦૮/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, ખંભાળીયા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વડત્રા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩/ 1774 તા.. 22 AUG 2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG – ૦૮/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩

અરજદાર: શ્રી જીવાભાઈ આલાભાઈ છુછર ગામ – ધંધુસર

સબડીવીઝન: વડત્રા

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, ખંભાળીયા

:: ફોરમ ::

૧) ચેરપર્સન : શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

તારીખ: સોમવાર (૧૮-૦૭-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૭-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, જયભારત સાથે સવિનય જણાવવાનું કે, અમો જીવાભાઈ આલાભાઈ છુછરનું ઉપરોકત જણાવેલ ગ્રાહક નંબર વાળું વિજ કનેકશન વર્ષ ૨૦૧૮ માં આવેલ છે. આ કનેક્શનની વિજ પોલની લાઈન અમારા સબંધીની જમીનમાંથી લીધેલ હતી જેના હાલના રે.સ.નાં.૯૩ માંથી આવેલ છે તે જમીન અમારા સબંધીએ તા.૧૫/૦૨/૨૦૨૧ થી જાડેજા અર્જુનસિંહ ભીખુભાને વેચાણ કરી નાખેલ છે. હાલ જેથી આ રે.સ.નાં.૯૩ વાળી જમીનના હાલના માલીક જાડેજા અર્જુનસિંહ ભીખુભાએ અમારી ઉપરોકત લાઈનના જમ્પર તા.૦૩/૧૦/૨૦૨૧ ના રોજ કાપી નાખેલ છે. જે અન્વયે અમોએ તા.૦૪/૧૦/૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે, તેમજ જીવાભાઈ આલાભાઈ છુછરની વીજ લાઈનનો પોલ તા.૦૬/૧૦/૨૦૨૧ ના રોજ ભાંગી નાખેલ છે. તેના અન્વયે અમોએ તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે. તથા અમોએ આ બાબતે ફરીથી તા.૦૯/૧૦/૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે, અમારી અરજીઓને ધ્યાનમાં રાખીને પી.જી.વી.સી.એલના અધિકારીઓ અમારી

લાઈન ચાલુ કરાવવા માટે સર્વે કરવા આવેલ હતા. ભીખુભા દજુભા જાડેજા તથા જાડેજા અર્જુનસિંહ ભીખુભાએ સર્વે કરવા દીધેલ નથી જેથી અમારી રે.સ.નાં.૧૧૦ ખેતીની જમીન વાળીની ખેતી વાડી વીજ કનેક્શનનો પાવર બંધ હોવાથી અમારો ચોમાસુ પાક તથા શિયાળુ પાક નિશફળ ગયેલ હોય કારણ કે અમારે પીયત માટે પાણી હોય પણ આપની વીજ પાવર બંધ હોવાના લીધે અમારી ખેતીની જમીનમાં પીયત થઈ શકેલ ન હોવાથી નુકશાન થયેલ છે. અમો વારંવાર પી જી વી સી એલ કચેરી જતા ત્યાથી અમોને કહેલ કે અમારી કચેરી દ્વારકા પોલીસમાં ફરીયાદ તા.૨/૧૨/૨૦૨૧ ના રોજ નોંધાવેલ છે તથા પણ કોઈપણ જાતનું આગળ વધેલ નથી અને અમોને પોલીસ પ્રોટેકશન મળેલ નહોય તેથી પાવર ચાલુ થયેલ નથી. અને આ લોકો અમારી જમીન પચાવી પાડવા માગે છે તેથી આ લોકો અવાર-નવાર અમોને નુકશાન થાય તેવો ત્રાંસ આપે છે.અને તાત્કાલીક ધોરણે તેના ઉપર કડક કાનુની કાર્યવાહી કરવામાં આવે. તો સત્વરે અમોનું વિજ કનેકશન ચાલુ કરવા અમારી નમ્ર અરજ છે.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર પીજીવીસીએલ વડતરા સબ ડિવિઝન હેઠળ ધંધુસર મુકામે ગ્રાહક નંબર ૮૮૯૭૬/૦૦૧૨૮/૧ થી ખેતીવાડી નું વીજ જોડાણ ધરાવે છે. આ વીજ જોડાણ ની વીજ લાઇન બાજુના સરવે નંબર ૯૩ માથી પસાર થઈ ને મારા ખેતર માં આવે છે. જે સરવે નંબર ના માલિક અર્જુનસિંહ ભીખુભા એ અમારી લાઇન ના જંપર તારીખ ૦૩.૧૦.૨૦૨૧ ના રોજ કાપી નાખેલ છે તેમજ ૦૬.૧૦.૨૦૨૧ નરોજ જીવા આલા છૂછર ની વીજ લાઇન ના પોલ ભાંગી નાખેલ છે. આ બાબતે તારીખ ૦૭.૧૦.૨૦૨૧ અને ૦૯.૧૦.૨૦૨૧ ના રોજ પીજીવીસીએલ ને અરજી કરેલ છે. જે અનુસંધાને પીજીવીસીએલ નાઅધિકારી સર્વે કરવા આવતા અર્જુનસિંહ ભીખુભા સર્વે કરવા દીધેલ નથી જેથી સરવે નંબર ૧૧૦ ની ખેતી ની જમીન માં પાવર બંધ હોવાથી ચોમાસુ અને શિયાળુ પાક નિષ્ફળ ગયેલ હોય ઉક્ત ફરિયાદ કરેલ છે.

3.૧ સદર બાબતે નાયબ ઇજનેર વડતરા સબ ડિવિજન ના પત્ર નંબર વીએસડી/ટેક/2081 તારીખ 18.05.2022 રજૂ કરેલ જવાબ મુજબ

• અરજદાર ની તારીખ ૧૧.૧૦.૨૦૨૧ ની અરજી અનુસંધાને ગ્રાહક નંબર ૮૮૯૭૬/૦૦૧૨૮/૧ ના વીજ લાઇન નો પોલ ઊભો કરવા સામે ભીખુભા દજુભા જાડેજા રે. સોનારડી ની તારીખ ૧૬.૧૦.૨૦૨૧ ની વાંધા અરજી અન્વયે તારીખ ૩૦.૧૦.૨૦૨૧ ના રોજ સ્થળ વિઝિટ લેવામાં આવેલ.

• વિઝિટ માટે સ્થળ ઉપર પહોચતા જ ભીખુભા દજુભા જાડેજા અને અન્ય ચાર વ્યક્તિઓ આવીને વીજ કર્મચારી અધિકારી/કર્મચારી/ ને તેઓ ના પડમાં (જ્યાં જીવા આલા છૂછર ની વીજ લાઇન ના પોલ પડી ગયેલ છે ) ના પાડેલ અને ધમકીભર્યા શબ્દો માં કહેલ કે "અમારા પડા માં જશો તો જે કઈ પણ થસે તેની જવાબદારી તમારી રહેશે " અને પડી ગયેલ વીજ પોલ નું સર્વેક્ષણ કરવા દીધેલ નહીં જેથી આશરે ૧૫૦ ફૂટ દૂરથી શેઢા ઉપરથી નિરીક્ષણ કરતાં જીવા આલા છૂછર ની વીજ લાઇન ના પોલ કે જે ભીખુભા દજુભા જાડેજા ના ખેતર માં આવેલ તે હયાત માલૂમ પડેલ નહીં તેમજ જોડાણ માટે ની લાઇન ના જંપર છોડેલ હોય તેવું માલૂમ પડેલ. અને અન્ય એક જોડાણ

ભીમશી વજશી છૂછર ગ્રાહક નંબર ૮૮૯૭૬/૦૦૦૭૧/૪ વાળા વીજ જોડાણ માટેના ટેપિંગ લાઇન ના જંપર કે જે મેઇન લાઇન માં આપેલ હતા તે છોડેલ હતા.

• ત્યાર બાદ ભીખુભા દજુભા જાડેજાદ્વારા સદર બનાવ બાબતે કોઈ જ કાયદાકીય કાર્યવાહી ન કરવાનું જણાવેલ અને ખેતર માં રહેલ માંડવી ના પાક માં નુકસાન ન જાય તે રીતે વૈકલ્પિક રસ્તો કાઢવાનું જણાવેલ

• સદર બાબતે સંપર્ક કરતાં ખેતરમાં રહેલ માંડવી નો પાક લેવાય જાય પછી પોલ ઊભા કરવા ની વિનંતી કરેલ.

• આમ વડતરા કચેરી દ્વારા સમાધાનકરી વલણ અપનાવી પાક લેવાય ગયા પછી પડી ગયા પોલ ઊભા કરવા માટે તારીખ ૦૧.૧૨.૨૦૨૧ ના રોજ ભીખુભા દજુભા જાડેજા ને ટેલિફોનિક સંપર્ક કરતાં પડી ગયા પોલ ઊભા કરવા બાબતે સખત વાંધો હોવાનું જણાવેલ અને વીજ લાઇન નો રુટ ફેરવવા જણાવેલ.

• વીજ લાઇન નો રુટ ફેરવવા માટે ખર્ચ નિયમોનુસર ભરપાઈ કરવા માટે જણાવતા તે બાબતે ના પાડેલ અને આ લાઇન તો ઊભી નહીં થવા દઉં તેમ જણાવેલ.

• આમ તારીખ ૩૦.૧૦.૨૦૨૧ ની સ્થળ વિઝિટ અને ટેલિફોનિક વાત ચિત ઉપરથી એવું સ્પષ્ટ થાય છે કે ભીખુભા દજુભા જાડેજા એ પોતાના અંગત રાગ દ્વેષ રાખી ને ભીમશી વજશી છૂછર અને જીવા આલા છૂછર ના વીજ જોડાણ ના વીજ પોલ પાડી નાખી જંપર કાપી નાખી વીજ પુરવઠો બંધ કરવાનું ગેર કાયદેસર કૃત્ય કરેલ અને વીજ કંપની ની લાઇન ને નુકસાન પહોચાડેલ.

• સદર ગેર કાયદેસર કૃત્ય બાબતે વડતરા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી/ટેક/ 5486 તારીખ 01.12.2021 થી ભીખુભા દજુભા જાડેજા અને અન્ય ત્રણ વ્યક્તિઓ સામે પોલીસ સ્ટેશન ખંભાળિયા ખાતે ધોરણસર ની ફરિયાદ નોંધાવેલ છે.

• વધુમાં વડતરા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી/ટેક/ 5531 તારીખ 02.12.2021 થી ઉક્ત કામગીરી કરવા માટે પોલીસ સ્ટેશન ખંભાળિયા માથી પ્રોટેકસન માંગેલ છે ને તે માટે જરુરૂ ચાર્જ ભરપાઈ કરવા માટે ચલણ પણ માગેલ છે.

• વધુમાં ભીખુભા દજુભા જાડેજા રે. સોનારડી ને ઉદેશી ને વડતરા પેટા વિભાગીય કચેરી દ્વારા લખેલ પત્ર નંબર વીએસડી/ટેક/ 1264 તારીખ 08.04.2022 ની સામેલ નકલ મુજબ સ્થળ વિઝિટ દરમિયાન પણ તેમના ખેતર માં લાગેલ આગ ની ફરિયાદ ખોટી ઠરી છે.

• વડતરા પેટા વિભાગીય કચેર દ્વારા પાટા નંબર વી એસ ડી/ટેક/2567 તારીખ 09.06.2022 થી ફરીથી પોલીસ પ્રોટેકસન માગેલ છે જે પોલીસ સ્ટેસન ખંભાળિયા ના અભિપ્રાય માટે પેડિંગ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદાર ની તારીખ ૧૧.૧૦.૨૦૨૧ ની અરજી અનુસંધાને ગ્રાહક નંબર ૮૮૯૭૬/૦૦૧૨૮/૧ ના વીજ લાઇન નો પોલ ઊભો કરવા સામે ભીખુભા દજુભા જાડેજા રે. સોનારડી ની તારીખ ૧૬.૧૦.૨૦૨૧ ની વાંધા અરજી અન્વયે તારીખ ૩૦.૧૦.૨૦૨૧ ના રોજ સ્થળ મુલાકાત લેવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum ★ P.G.V.C.L. Junagadh

૪.૨ મુલાકાત દરમ્યાન સ્થળ ઉપર પહોચતા જ ભીખુભા દજુભા જાડેજા અને અન્ય ચાર વ્યક્તિઓ આવીને વીજ કર્મચારી અધિકારી/કર્મચારી/ ને તેઓ ના પડમાં (જ્યાં જીવા આલા છૂછર ની વીજ લાઇન ના પોલ પડી ગયેલ છે ) ના પાડેલ અને ધમકીભર્યા શબ્દો માં કહેલ કે "અમારા પડા માં જશો તો જે કઈ પણ થસે તેની જવાબદારી તમારી રહેશે " અને પડી ગયેલ વીજ પોલ નું સર્વેક્ષણ કરવા દીધેલ નહીં જેથી આશરે ૧૫૦ ફૂટ દૂરથી શેઢા ઉપરથી નિરીક્ષણ કરતાં જીવા આલા છૂછર ની વીજ લાઇન ના પોલ કે જે ભીખુભા દજુભા જાડેજા ના ખેતર માં આવેલ તે હયાત માલૂમ પાડેલ નહીં તેમજ તથા જોડાણ માટે ની લાઇન ના જંપર છોડી નાખેલ હોવાનું માલૂમ પડેલ. અને અન્ય એક જોડાણ ભીમશી વજશી છૂછર ગ્રાહક નંબર ૮૮૯૭૬/૦૦૦૭૧/૪ વાળા વીજ જોડાણ માટેના ટેપિંગ લાઇન ના જંપર કે જે મેઇન લાઇન માં આપેલ હતા તે પણ છોડી નાખેલ છે.

૪.3 વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર વીએસડી/ટેક/ 5531 તારીખ 02.12.2021 થી ઉક્ત કામગીરી કરવા માટે પોલીસ સ્ટેશન ખંભાળિયા માથી પ્રોટેકસન માંગેલ છે ને તે માટે જરુરૂ ચાર્જ ભરપાઈ કરવા માટે ચલણ માંગવામાં આવેલ છે.

૪.૪ સદર બાબતે અરજદાર શ્રી ના વીજ જોડાણ ના જંપર તારીખ. ૦૩.૧૦.૨૦૨૧ ના રોજ કાપી ને પાવર સપ્લાય બંધ કરવામાં આવેલ છે. આમ જાડેજા અર્જુનસિંહ દ્વારા તેઓ ને હેરાન કરવામાં આવે છે તેમજ તેઓ દ્વારા પીજીવીસીએલ ના થાંભલા ભાંગી ને મિલકત ને નુકશાન કરવામાં આવેલ છે. આ બાબતે પોલીસ ફરિયાદ દાખલ કરવી અને આગળની ધોરણસર ની કાર્યવાહી કરવી.

૪.૫ વધુમાં સામાવાળા પક્ષે પોલીસ પ્રોટેકશન લઈ કડક બંદોબસ્ત સાથે લાઈન કામ કરવું અને અરજદાર નું વીજ કનેક્શન ચાલુ કરી આપવું. અને તેમના આ પ્રશ્ન નું યોગ્ય નિરાકરણ કરવું.

૪.૬ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh